GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની




➤ સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા ➤ સાઉન્ડ લેસ પાવર
SAINI
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
31-03-2027 પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો 2 + 3 વર્ષની વધારાની વૉરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૪૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ છઠ , સોમવાર ૬ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# દેશભરમાં જોર પકડતું ચોમાસુ : ઘણાં રાજ્યોમાં એલર્ટ

**» કેરળ, હિમાચલ, ઓડિશા અને ઝારખંડ માટે એલર્ટ જાહેર, કેરળમાં વ્યાપક વરસાદ, દિલ્હીમાં મધ્યમ વરસાદથી ગરમીમાં રાહત**

**» હવામાન વિભાગ દ્વારા નવમી જુલાઈ સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરાયું**

**» ડાંગ, નવસારી, વલસાડ અને દમણ, દાદરા-નગર હવેલીમાં સળંગ ત્રણ દિવસ વરસાદ ભારે ધમાધમી મચાવે તેવી આગાહી**

**નવી દિલ્હી, 5 :** ભારતમાં રવિવારે ચોમાસાની ગતિવિધિઓ વધુ તેજ બની હતી, જેમાં મુંબઈમાં ભારે વરસાદને કારણે ફ્લાઈટ કામગીરી ખોરવાઈ ગઈ હતી, કેરળ, ઓડિશા અને ઝારખંડમાં હવામાન વિભાગ દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, અને દિલ્હીમાં વ્યાપક વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આગામી 9 જુલાઈ સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે. ઓફ-શોર ટ્રફ અને ડિપ્રેશનની સિસ્ટમ સક્રિય હોવાથી 7, 8 અને 9 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સળંગ ત્રણ દિવસ આભ ફાટવા જેવી સ્થિતિ નું રેડ એલર્ટ રહેશે.

ઓડિશામાં, બંગાળની ખાડી પર સર્જાયેલું લો-પ્રેશર (હવાનું હળવું દબાણ) વધુ મજબૂત બનીને ડિપ્રેશનમાં ફેરવાયું છે, જેને પગલે રાજ્યના તમામ જિલ્લાઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ જણાવ્યું છે કે આ સિસ્ટમ આગામી દિવસ દરમિયાન ચાંદબલી અને દીઘા વચ્ચે ઉત્તર ઓડિશાના દરિયાકાંઠાને પાર કરે તેવી સંભાવના છે અને તેના કારણે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદ પડી શકે છે. કેરળના મોટાભાગના વિસ્તારોમાં રવિવારે વ્યાપક વરસાદ થયો હતો, જેના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. IMD એ 6 જુલાઈએ કન્નુર અને કાસરગોડ માટે અને 7 જુલાઈએ કોઝિકોડ, કન્નુર અને કાસરગોડ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે કેટલાક ઉત્તરીય જિલ્લાઓ માટે યલો એલર્ટ યથાવત રાખવામાં આવ્યું છે. દિલ્હીમાં, રવિવારે રાષ્ટ્રીય રાજધાનીના કેટલાક ભાગોમાં મધ્યમ વરસાદ પડ્યો હતો, જેનાથી લોકોને અસહ્ય બફારા અને ગરમીથી ઘણી રાહત મળી હતી. IMDના ડેટા અનુસાર, બપોરે 2:30 વાગ્યા સુધીમાં છત્તરપુરમાં સૌથી વધુ 49 મીમી વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ ગુરુગ્રામ (35 મીમી), મેહરૌલી (18 મીમી), નજફગઢ (8 મીમી) અને જનકપુરી (7 મીમી) નો સમાવેશ થાય છે. હવામાન વિભાગે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની અને દિવસ દરમિયાન મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી છે, જેમાં મહત્તમ તાપમાન 36 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

ઝારખંડમાં, IMD એ 6 થી 9 જુલાઈ દરમિયાન તમામ 24 જિલ્લાઓમાં વાવાઝોડું, વીજળીના કડાકા અને જોરદાર પવન માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે, સાથે જ રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે અને કેટલાક

...અનુસંધાન પાના 5 પર

## મુંબઇ, તેની નજીકના વિસ્તારોમાં ભારે વરસાદ : બેનાં મોત

**મુંબઇના** કુર્લામાં વૃક્ષ તૂટી પડતાં વૃદ્ધનું મોત, ભીવંડીમાં યુવક ડૂબી ગયો

**મહાનગરમાં** ૨૪ કલાકમાં 12 ઈંચથી વધુ વરસાદ, કેટલાક વિસ્તારોમાં 18 ઈંચ






**મુંબઈ, તા. 5 (PTI):** મુંબઈમાં રવિવારે પડેલા ભારે વરસાદને કારણે છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર એક કલાક સુધી ફ્લાઇટ કામગીરી પ્રભાવિત થઈ હતી. આ ઉપરાંત, શહેરમાં અનેક જગ્યાએ રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા અને વૃક્ષો પડવાની ઘટનાઓ સામે આવી હતી, જેમાં એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. જ્યારે ભીવંડીમાં એક યુવકનું ડૂબી જવાથી મોત થયું હતું.

ભારતીય હવામાન વિભાગે આ મહાનગર માટે અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કર્યું હતું, જ્યાં કેટલાક વિસ્તારોમાં ૨૪ કલાકના ગાળામાં ૨૦૦ મિલીમીટરથી વધુ અને અમુક સ્થળોએ 300 મિલીમીટર જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારે વરસાદ અને જોરદાર પવનને કારણે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ સત્તાવાળાઓને રવિવારે એક કલાક માટે રનવેની તમામ કામગીરી સ્થગિત કરવાની ફરજ પડી હતી. આ દરમિયાન ઇન્ડિગોની ચાર ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અને વિવિધ એરલાઇન્સની ૧૩ આવતી ફ્લાઇટ્સને નજીકના એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. જો કે, હવામાન સાનુકૂળ થતાં ડાયવર્ટ કરાયેલી તમામ ૧૩ ફ્લાઇટ્સ પાછળથી મુંબઈમાં સુરક્ષિત રીતે લેન્ડ થઈ હતી. એક અઠવાડિયામાં આ પ્રકારની આ બીજી ઘટનામાં, કુર્લા વિસ્તારમાં ભારે વરસાદ દરમિયાન એક દુકાન પર વૃક્ષ ધરાશાયી થતાં ૬૩ વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું હતું. પાલિકાના અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના બપોરે ૧૨:૪૦ વાગ્યાની આસપાસ કુર્લા વેસ્ટના નૌપાડા વિસ્તારમાં આવેલી હિન્દી BMC સ્કૂલ નજીક બની હતી. આ અગાઉ, 30 જૂનના રોજ ચેમ્બુરમાં એક ચાલુ સ્કૂલ બસ પર વૃક્ષ પડતાં ૧૧ વર્ષના બાળકનું મોત થયું હતું અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા.

મુંબઇના પાડોશના થાણે અને પાલઘર જિલ્લામાં રવિવારે મુશળધાર વરસાદને કારણે સંખ્યાબંધ ઇમારતો/બાંધકામો ધરાશાયી થવાની અને વૃક્ષો પડી

...અનુસંધાન પાના 5 પર

### મુંબઇ એરપોર્ટ એક કલાક બંધ રહ્યું, ચાર ફ્લાઇટ રદ, 13 ડાઇવર્ટ કરાઇ

**મુંબઈ.** ભારે વરસાદ અને જોરદાર પવનને કારણે રવિવારે મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ સત્તાવાળાઓને એક કલાક માટે રનવેની તમામ કામગીરી સ્થગિત કરવાની ફરજ પડી હતી. જેના લીધે ઇન્ડિગોની ચાર ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અને વિવિધ ઓપરેટરોની ૧૩ આવી રહેલી ફ્લાઇટ્સને નજીકના એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. એમ સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, ખરાબ હવામાનને કારણે ડાયવર્ટ કરાયેલી ૧૩ ફ્લાઇટ્સ પાછળથી મુંબઈમાં પરત લેન્ડ થઈ હતી. લાઈવ ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ flightradar24.comના નવીનતમ ડેટા અનુસાર, મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી બહાર જતી ૯૦ ટકા ફ્લાઇટ્સ સરેરાશ ૬૫ મિનિટના વિલંબ સાથે રવાના થઈ રહી હતી અને ૪૫ ટકા ઈનકમિંગ ફ્લાઇટ્સ મોડી પડી રહી હતી, જેના કારણે મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા હતા. અગાઉ, અદાણી ગ્રુપ અને એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એએઆઇ)ની સંયુક્ત

...અનુસંધાન પાના 5 પર

### ભારે વરસાદ વચ્ચે મુંબઈમાં ઝાડ પડવાની ઘટનાઓમાં બેનાં મોત

**મુંબઈ.** મુંબઈમાં રવિવારે પણ ભારે વરસાદ ચાલુ રહેતાં ઝાડ પડવાની ઘટનાઓમાં એક ૧૮ વર્ષના મોટરસાઇકલ સવાર અને એક વરિષ્ઠ નાગરિકે પોતાનો જીવ ગુમાવ્યો છે, જેના કારણે શહેરમાં આવી દુર્ઘટનાઓમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા એક અઠવાડિયા કરતાં ઓછા સમયમાં વધીને ત્રણ થઈ ગઈ છે. નાગરિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, કુર્લા વેસ્ટના નૌપાડા વિસ્તારમાં આવેલી હિન્દી બીએમસી સ્કૂલ નજીક બપોરે લગભગ ૧૨.૪૦ વાગ્યે એક

...અનુસંધાન પાના 5 પર

## ખામેનેઇની અંતિમવિધિમાં ટ્રમ્પની હત્યાની હાકલ

**પ્રાર્થના** કાર્યક્રમમાં ટોચના નેતાઓ હાજર, અમેરિકા મુર્દાબાદ, ઇઝરાયેલ મુર્દાબાદના સૂત્રોચ્ચારો





**તેહરાન, તા. 5 (AP):** ઈરાનના ટોચના અધિકારીઓ અને દેશના નવા સર્વોચ્ચ નેતાના ભાઈઓ રવિવારે દિવંગત આયતોલ્લા અલી ખામેનેઈની અંતિમ સંસ્કારની પ્રાર્થનામાં સામેલ થવા માટે જાહેરમાં સામે આવ્યા હતા. આ ઘટના તેમની સુરક્ષા અંગેના એક નવા આત્મવિશ્વાસનો સંકેત આપે છે, જ્યારે બીજી તરફ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યા માટેની માંગ પણ જોર પકડી રહી છે.

પાટનગર તેહરાનમાં લાખો લોકોની હાજરી વચ્ચે તેમની આ ઉપસ્થિતિ ઈરાન યુદ્ધ દરમિયાન અકલ્પનીય હોત. ૨૮ ફેબ્રુઆરીના રોજ યુદ્ધની શરૂઆતની ક્ષણોમાં થયેલા હવાઈ હુમલામાં ૮૬ વર્ષીય ખામેનેઈ, તેમના પરિવારના સભ્યો અને અન્ય અધિકારીઓ માર્યા ગયા હતા. ઈઝરાયેલે યુદ્ધ દરમિયાન જાહેરમાં દેખાતા અન્ય લોકોને પણ નિશાન બનાવ્યા હતા, જેમાં ઓછામાં ઓછા એક કિસ્સામાં સંભવતઃ તેમના જાહેર દેખાવનો ઉપયોગ હુમલા માટે તેમનું ચોક્કસ સ્થાન જાણવા માટે કરવામાં આવ્યો હતો.

૯૭ વર્ષીય શિયા ધર્મગુરુ આયતોલ્લા જાફર સુબ્હાનીએ તેહરાનની ગ્રાન્ડ મોસાલ્લા ખાતે ખામેનેઈ અને તેમના દિવંગત પરિવારના સભ્યો માટે પ્રાર્થનાનું નેતૃત્વ કર્યું હતું. આ પ્રસંગે પ્રાર્થના પૂર્વે આ કાર્યક્રમનું સંચાલન કરનાર કવિ મોહમ્મદ રસુલીએ અમેરિકા મુર્દાબાદ! અને ઈઝરાયેલ મુર્દાબાદ!ના નારા લગાવડાવ્યા હતા. અંતિમ સંસ્કાર વખતે લાઉડસ્પીકર પર ભીડને સંબોધતા, રસોલીએ ટ્રમ્પના સંદર્ભમાં પૂછ્યું, 'વિશ્વનો સૌથી હરામી માણસ હજી કેમ જીવતો છે?''' રવિવારે અંતિમ સંસ્કારમાં હાજર રહેલા ૪૨ વર્ષીય નર્સ ઝીબા નાદેરીએ જણાવ્યું હતું કે ઈરાને રાષ્ટ્રના સંદર્ભમાં મોજતબા ખામેનેઈ જે પણ આદેશ આપે તેનું પાલન કરવાની જરૂર છે.

### મોજતબા હાજર ન રહ્યા, તેમના નાના ભાઇઓ હાજર



અંતિમ વિધિ પહેલાની રસમોમાં ઈરાનના નવા સર્વોચ્ચ નેતા આયતોલ્લા મોજતબા ખામેનેઈ હજી પણ ક્યાંય જોવા મળ્યા ન હતા. એવું માનવામાં આવે છે કે સુરક્ષાના કારણોસર તેમને હાજર રખાયા નથી. ઈઝરાયેલે તેમને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી છે, રવિવારની વિધિના પ્રસંગે ખામેનેઈના પુત્રો મસૂદ, મેયસમ અને મુસ્તફા હાજર હતા, જેઓ યુદ્ધ પછી આ પહેલા ક્યારેય જોવા મળ્યા ન હતા. રિવોલ્યુશનરી ગાર્ડના વડા જનરલ અહમદ વાહીદી, જેઓ યુદ્ધ પછી માત્ર

...અનુસંધાન પાના 5 પર

## ઈન્સ્ટા પરથી બાળ જાતીય શોષણ સામગ્રી દૂર કરવા મેટાને નોટિસ

**મેટાને** આ મુદ્દે સમન્સ પાઠવાયા તેના પછી સરકાર દ્વારા હવે કડક નોટિસ પાઠવાઇ

**આવી** સામગ્રી સુધી પહોંચને સરળ બનાવતી જાહેરાતો પણ દૂર કરવા આદેશ



**નવી દિલ્હી, તા. 5 (PTI):** સરકારે ઈન્સ્ટાગ્રામ પર પૈસા ચૂકવીને અપાતી જાહેરાતોમાં બાળ જાતીય શોષણ અને દુરુપયોગની સામગ્રીને લઈને મેટાને કડક નોટિસ પાઠવી છે, તેમ રવિવારે સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોએ ઉમેર્યું હતું કે સરકારે શનિવારે સાંજે આ નોટિસ જારી કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, MeitY(ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય)એ ઈન્સ્ટાગ્રામને CSEAMને પ્રોત્સાહન આપતી અને તેની સુધી પહોંચ સરળ બનાવતી તમામ જાહેરાતો અને સામગ્રીને તાત્કાલિક નિષ્ક્રિય કરવાનો આદેશ આપ્યો છે. આ ઘટનાક્રમ તેના એક દિવસ બાદ સામે આવ્યો છે જ્યારે આઈટી (IT) મંત્રી અશ્વિની વૈષ્ણવે MeitYના અધિકારીઓને ઈન્સ્ટાગ્રામ પર કથિત રીતે બાળ જાતીય શોષણની સામગ્રીને પ્રોત્સાહન આપતી જાહેરાતો અંગે મેટાને સમન્સ પાઠવવાનો નિર્દેશ આપ્યો હતો. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, મંત્રાલયે બાળ જાતીય શોષણ સામગ્રીની જાહેરાતોના આરોપો અંગે મેટાને આપેલી નોટિસમાં સ્પષ્ટતા અને લેવાયેલા પગલાં અંગેની માહિતી માંગી છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) એ ૭ દિવસની અંદર આ અંગે વિગતવાર ખુલાસો પણ માંગ્યો છે. અમેરિકાના કેલિફોર્નિયામાં મુખ્ય મથક ધરાવતી અગ્રણી ટેકનોલોજી કંપની મેટા(Meta) લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વૉટ્સએપની માલિકી ધરાવે છે.

અહેવાલ મુજબ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય(MeitY) એ ઈન્સ્ટાગ્રામને તેના પ્લેટફોર્મ પર સીએસઈએએમ

...અનુસંધાન પાના 2 પર

## ઉન્નાવમાં ગંગા એક્સપ્રેસવે લિંક રોડનો એક ભાગ ધોવાયો

**ઉન્નાવ (UP), તા. 5 (PTI):** ઉન્નાવ જિલ્લામાં કાનપુર-લખનૌ નેશનલ હાઈવેને ગંગા એક્સપ્રેસવે સાથે જોડતા રોડનો એક ભાગ પહેલા ચોમાસાના વરસાદ પછી નીચેની માટી ધોવાઈ જવાને કારણે બેસી ગયો હતો.

રવિવારે અધિકારીઓ દ્વારા જણાવ્યા અનુસાર, સોનિક વિસ્તારમાં બશીરતગંજ નજીક લિંક રોડનો લગભગ સાત મીટરનો હિસ્સો–જ્યાં તે ગંગા એક્સપ્રેસવે સાથે જોડાય છે–ત્યાં રોડ બેસી જવાને કારણે તાત્કાલિક સમારકામ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

સ્થાનિક રહેવાસીઓએ આક્ષેપ કર્યો હતો કે, નિર્ધારિત ધોરણો મુજબ રોડની બંને બાજુએ પૂરતી

...અનુસંધાન પાના 5 પર

તા. ૦૫-૦૭-૨૦૨૬નું
સુરત શહેરનું
**હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૬.૦ મીમી | ૨૭૯ મીમી |

| ઉકાઈ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | ૩૦૯.03 ફૂટ | ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.0 સે. | ૨૩.૮ સે. | ૮૦% |

## પાકિસ્તાની દળોનો POKમાં નાગરિકો પર ગોળીબાર, એકનું મોત, ઘણાં ઘાયલ

**પાકિસ્તાન** સરકાર વિરુદ્ધ અબ્બાસપુરના સ્ટેડિયમમાં 40,000 વિરોધીઓ એકઠા થયા હોવાનો JAAC નો દાવો

**વિરોધ** સ્થળ પર વિવિધ વિસ્તારોમાંથી મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિતના લોકોના કાફલા આવી રહ્યા છે

**નવી દિલ્હી, તા. 05 :** પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)માં આજે રવિવારે જમ્મુ અને કાશ્મીર જોઈન્ટ આવામી એક્શન કમિટી (જેએએસી) દ્વારા આયોજિત શાંતિપૂર્ણ વિરોધ રેલી પર પાકિસ્તાની દળોએ ગોળીબાર કર્યો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ઘણા લોકો ઘાયલ થયા હતા. અહેવાલ મુજબ, જેએસીસીએ દાવો કર્યો હતો કે અબ્બાસપુરના સરદાર ગુલામ હુસૈન ખાન સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં



લગભગ 40,000 લોકો એકઠા થયા હતા. સંગઠનનો આરોપ છે કે પાકિસ્તાની સુરક્ષા દળોએ દુડિયાલના એએમબી વિસ્તારમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર

...અનુસંધાન પાના 5 પર

## આજે રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટની મહત્ત્વની બેઠક

**ચંપત** રાયનું ભવિષ્ય, એસઆઈટી તપાસ એજન્ડામાં રહેવાની શક્યતા

**અયોધ્યા (UP), તા. 5 (PTI).** દાનમાં કથિત ઉચાપતની ચાલી રહેલી તપાસ વચ્ચે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ સોમવારે એક મહત્ત્વની બેઠક યોજશે, જેમાં ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રા દ્વારા આપવામાં આવેલા રાજીનામાના ભવિષ્ય પર ચર્ચા એજન્ડામાં મુખ્ય રહેવાની ધારણા છે. એમ ટ્રસ્ટના સૂત્રોએ જણાવ્યું હતું.

આ બેઠક ટ્રસ્ટના પ્રમુખ નૃત્ય ગોપાલ દાસના મઠ, મણિ રામ છાવણી ખાતે યોજાશે. ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ દેવ ગિરીએ તમામ નિયમિત અને હોદ્દાની રૂએ સભ્યોને આ ચર્ચામાં હાજર રહેવા જણાવ્યું છે.

ટ્રસ્ટના પ્રમુખ નૃત્ય ગોપાલ દાસ, જેઓ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે, અને વરિષ્ઠ ટ્રસ્ટી કે. પરાસરન, જેઓ ઉંમર સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે મુસાફરી કરી શકે તેમ નથી, તેઓ વીડિયો

...અનુસંધાન પાના 5 પર